Vibrant GUJARAT 2017

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૦૧ | ૧૧ જાન્યુઆરી, ૨૦૧૭, બુધવાર ; પોષ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમિટનો દબદબાપૂર્વક પ્રારંભ

**મહાત્મા મંદિર ખાતે મંચ પર પ્રધાનમંત્રી સાથે દેશ-વિદેશના ૫૦ મહાનુભાવોને સ્થાન અપાયું : મહારાષ્ટ્ર અને અરૂણાચાલના મુખ્યમંત્રી, કેન્દ્રીય નાણામંત્રી, ગુજરાતના મુખ્યમંત્રી અને પૂર્વ મુખ્યમંત્રી સહિત વિદેશી રાષ્ટ્રોના પદાધિકારીઓ અને દેશના જાણીતા ઉદ્યોગપતિઓને મંચ પર સ્થાન**





**ભારત વિશ્વના ટોપટેનમાં સ્થાન લેશે : મોદી : દરેક વ્યક્તિ પાસે ઘર હોય તે સ્વપ્ન છે : ભારત આર એન્ડ ડી હબ તરીકે ઉભરી રહ્યું છે : ભલે પધાર્યા કહીને મહેમાનોનું સ્વાગત**

ગાંધીનગર, તા.૧૦

દેશના તમામ કારોબારીઓ જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે વાઈબ્રન્ટ ગુજરાત સમિટની ગાંધીનગરમાં ઐતિહાસિક મહાત્મા મંદિર ખાતે ટોચના ઉદ્યોગપતિઓ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં શરૂઆત થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાઈબ્રન્ટ સમિટનો પ્રારંભ કરાવ્યો હતો. મોદીએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા તમામ મહાનુભાવો અને ઉદ્યોગપતિઓ તથા વિશ્વના પ્રતિનિધિઓને આવકાર આપ્યો હતો અને સાથે સાથે નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, બિઝનેસ લીડરોની ઉપસ્થિતિ પ્રેરણાદાયી રહી છે. તેમના સહકાર વિના સફળતા પણ મળી ન હોત. મોદીએ કહ્યું હતું કે, ગ્લોબલ ઈવેન્ટ મહાત્મા ગાંધી, સરદાર પટેલની ભૂમિ ભારતની વ્યાપારીક સુઝસમજનું પ્રતિનિધિ પણ છે. ગુજરાતના લોકો જ્યાં પણ રહે છે ત્યાં કુશળતા સાબિત કરી ચુક્યા છે. ગુજરાતમાં ચાલી રહેલો પતંગ ઉત્સવ નવી ઉંચાઈ ઉપર પહોંચવા માટે પ્રેરણા આપે છે. અમારી મજબૂતિ અમારી લોકશાહી છે. છેલ્લા અઢી વર્ષના ગાળામાં અનેક મોટી સિદ્ધિઓ હાસલ કરવામાં આવી છે. રાજ્યો વચ્ચે સ્વસ્થ સ્પર્ધાની પદ્ધતિ વિકસાવવામાં આવી છે. સાથે સાથે યુવાનોને વધુ નોકરીની તક મળે તેવા માહોલની રચના કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. વિશ્વના ટોપટેન દેશમાં ભારત સ્થાન મેળવે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. અમારી સંસ્થાઓના સ્કોલર્સની વિશ્વએ નોંધ લીધી છે. ભારત વિશ્વનું આરએનડી હબ બની ગયું છે. પોલીસી આધારિત વહીવટીતંત્ર બિનઅસરકારક નીતિઓને બદલી નાંખવામાં આવી છે. વિશ્વના મોસ્ટ ડિજિટાઈડ ઈકોનોમી બનવાની દિશામાં ભારતે આગેકૂચ કરી લીધી છે. જીએસટીનું અમલીકરણ ઐતિહાસિક પગલું રહેશે. એફડીઆઈ તથા અન્ય ક્ષેત્રોમાં પણ ભારતે ઉલ્લેખનીય પ્રગતિ કરી છે. મોદીએ પોતાના સંબોધનમાં અન્ય મુદ્દાઓ પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, તેમની સરકાર અર્થતંત્રમાં સુધારાઓ માટે કટિબદ્ધ છે. વિશ્વમાં ત્રીજા સ્થાને વિકાસશીલ રાષ્ટ્રોની

● અનુસંધાન પાન-૭ પર

# સપામાં દંગલ યથાવત

**બંધ બારણે મુલાયમ અને અખિલેશ વચ્ચે પણ બેઠક :બંને છાવણીઓ પોતપોતાની શરતોને લઇને ઝુંકવા માટે તૈયાર જ નથી જેથી સમજૂતિ અને બાંધછોડ માટેની આશા ઓછી : મુલાયમસિંહનું હળવું વલણ**

લખનૌ,તા. ૧૦

સમાજવાદી પાર્ટીમાં જારી દંગલ યથાવતરીતે રહેતા મડાગાંઠ લાંબી ખેંચાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. અખિલેશ અને મુલાયમ વચ્ચે આજે બંધ બારણે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ મુલાકાત બાદ એવી અટકળો ચાલી રહી હતી કે, સમાધાન પર સહમતિ થઈ છે પરંતુ મોડેથી એવા અહેવાલ આવ્યા હતા કે, બંને જૂથ પોતપોતાની શરતોને લઈને હજુ પણ મક્કમ છે. આ મુલાકાત બાદ પાર્ટીને સમાધાન અને સમજૂતિને લઈને આશા ઉપર ફરી એકવાર પાણી ફરી વળ્યું છે. મળેલી માહિતી મુજબ આજે મુલાયમસિંહ યાદવના આવાસ પર આશરે પોણા બે કલાક સુધી વાતચીત ચાલી હતી. આ બેઠક બાદ મિડિયાના પ્રશ્નોનો જવાબ આપ્યા વગર મુખ્યમંત્રી પોતાના આવાસની તરફ જતા રહ્યા હતા. મુલાયમ અને અખિલેશ વચ્ચેની બેઠકમાં કોઈ નિર્ણય થઈ શક્યો ન હતો. બેઠક પરિણામ વગર પૂર્ણ થઈ હતી. બંને છાવણી પોતપોતાની શરતો ઉપર મક્કમ છે. મુલાયમે અખિલેશને ફોન કરીને પણ વાતકરી હતી. આ બેઠક બાદ મુલાયમે શિવપાલ યાદવ સાથે પણ વાત કરી હતી. મુલાયમસિંહ પોતાના પુત્ર અખિલેશને ટિકિટ વહેંચણીના અધિકાર આપવા માટે તૈયાર છે. મુલાયમસિંહ હવે અખિલેશને તમામ અધિકાર આપવા તૈયાર છે પરંતુ પાર્ટીના અધ્યક્ષના પ્રશ્ન પર મક્કમ બનેલા છે.

મુખ્યમંત્રીના રાજકીય ભોગ બની ચુકેલા તેમના કાકા શિવપાલ યાદવ અને પરિવારમાં લડાઈ માટે કારણરુપે રહેલા રાજ્યસભા સભ્ય અમરસિંહ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા ન હતા. અગાઉ સમાજવાદી પાર્ટીના વડા મુલાયમ સિંહ યાદવે પોતાના પુત્ર અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન અખિલેશને લઈને હળવુ વલણ અપનાવ્યા બાદ વિખવાદનો અંત આવશે તેવા સંકેત દેખાઈ રહ્યા હતા. અખિલેશ પ્રત્યે હળવુ વલણ

● અનુસંધાન પાન-૭ પર

# ...તો અરવિંદ કેજરીવાલ પંજાબના નવા મુખ્યમંત્રી બનશે

**પંજાબમાં વિધાનસભાની ચૂંટણીમાં એએપી કેજરીવાલને ચહેરા તરીકે રજૂ કરે તેવી વકીઃ પંજાબમાં રાજકીય ગરમી**



નવી દિલ્હી,તા. ૧૦

પંજાબમાં આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને આમ આદમી પાર્ટીએ પોતાના સૌથી મોટો દાવ રમી કાંઢ્યો છે. મનિષ સિસોદિયાએ આજે દાવો કર્યો હતો કે, દિલ્હીના મુખ્યમંત્રી અને એએપીના નેતા અરવિંદ

● અનુસંધાન પાન-૭ પર

# સહકારી બેંકોમાં ૩-૪ લાખ કરોડના કાળા નાણાં જમા થયા

**૩-૪ લાખ કરોડના કાળા નાણાંની કરચોરીની શંકાના પગલે આવકવેરા વિભાગની ઉંડી તપાસ : આ રકમ નોટબંધી બાદથી ૫૦ દિવસની અવધિમાં જમા કરવામાં આવી**

નવી દિલ્હી,તા. ૧૦

નોટબંધી બાદ બેંકોમાં જમા કરવામાં આવેલી રકમની તપાસમાં સરકારને આશરે ત્રણથી ચાર લાખ કરોડ રૂપિયાની આવકમાં ટેક્સ ચોરીની માહિતી મળી છે. નોટબંધી બાદ જમા ૩-૪ લાખ કરોડ રૂપિયાની રકમમાં ટેક્સ ચોરીની શંકાના અહેવાલ મળ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. આ સંદર્ભમાં ઝડપથી તપાસ કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ રકમ નોટબંધી બાદ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની જુની નોટ જમા કરવાની ૫૦ દિવસની અવધિમાં જમા કરવામાં આવી હતી. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યં છે કે, આવકવેરા વિભાગને આની તપાસ કરવા માટે કહેવામાં આવ્યું હતું. તપાસ બાદ ૩-૪ લાખ કરોડ રૂપિયાની શંકાસ્પદ ટેક્સ ચોરીવાળી રકમ જમા કરવાને લઈને નોટિસ મોકલવામાં આવી છે. અધિકારીઓના કહેવા મુજબ તેમની પાસે હજુ આંકડા આવી રહ્યા છે. મૂલ્યાંકનથી જાણવા મળ્યું છે કે, નોટબંધી બાદ ૬૦ લાખથી વધારે બેંક ખાતામાં બે લાખ કરોડ રૂપિયાથી વધારાની રકમ જમા કરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન કુલ

● અનુસંધાન પાન-૭ પર

# હવે માયાવતીના ભાઈની સંપત્તિ વધીને ૧૩૧૬ કરોડ રૂપિયા થઈ

નવી દિલ્હી,તા. ૧૦

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન અને બહુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતીના ભાઈ આનંદ કુમારની સંપત્તિ માત્ર સાત વર્ષના ગાળામાં જ ૭.૫ કરોડ રૂપિયાથી વધીને હવે ૧૩૧૬ કરોડ રૂપિયા થઈ ગઈ છે. તેમની સંપત્તિમાં જે ગતિથી વધારો થયો છે તે બાબતથી તમામ લોકો હવે હેરાન થયેલા છે. સંપત્તિમાં રેકોર્ડ ગતિએ વધારો થયા બાદ હવે આઈટી વિભાગની નજર તેમના પર કેન્દ્રિત થઈ ગઈ છે. તેમની તપાસ કરવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં આગામી દિવસોમાં અને ખાસ કરીને વિધાનસભાની ચૂટણીના ગાળામાં માયાવતીની પાર્ટીને મોટો

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
ગેરેન્ટેડ ગીફ્ટ યોજના
ઉત્તરાયણ પર્વે
ગાંધીનગર સમાચાર આપશે
રાધે Prem Ni Mithaas ચીકી ૧૧૦ના મૂલ્યની ની ગેરન્ટેડ ગિફ્ટ
ગેરેન્ટેડ ગીફ્ટ વિતરણ
તા. ૧૧-૧૨, જાન્યુઆરી, ૨૦૧૭
સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ દરમિયાન
સ્થળ : ગાંધીનગર સમાચાર કાર્યાલય
સેક્ટર-૮, ગાંધીનગર
વધુ વિગતો માટે સંપર્ક : ૦૭૯-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

